સર્પદંશના તાત્કાલિક ઉપચાર.

લેખક તથા પ્રકાશક,

ટપરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

જુનાગઢ (કાઠિઆવાડ)

[illegible]

(સર્વ હક્ક સ્વાધીન.)

(આવૃત્તિ બીજી—[illegible])

અમદાવાદ—શ્રી [illegible]

[illegible]

[illegible]

કિંમત આના નવ.

OPINIONS.

(Ex. from J. C. M. O's En. No. 204, D. 31-7-1916.)

"The Compiler has collected in this small book various remedies which, I think, may prove useful to laymen, where no proper medical help is to be had."

(Sd.) **Narshee T. Mehta.**
L. M. & S.,
Chief Medical Officer,
Junagadh State.

No. 35 of 1916.

MUNICIPAL OFFICE
Junagadh, 20th June, 1916.

Mr. Natwarlal Kaniyalal Vaishnav, after completion of his course in the "First aid Class" for the injured, has written a small Gujarati Pamphlet, on "SNAKE BITE AND ITS CURE." I have gone through this and think that it will be very useful to the general public, where there is no convenience of a dispensary as the measures mentioned therein, are all handy.

(Sd.) Shivshanker V. Dave,
S. A. S., M. R. San. I.,
Municipal Secretary &
Health Officer, Junagadh.

સર્પદંશના તાત્કાલિક ઉપચાર.

લેખક તથા પ્રકાશક,

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

જુનાગઢ (કાઠિઆવાડ)

વિ. સં. ૧૯૭૨. સને ૧૯૧૬.

(આવૃત્તિ બીજી—સુધારાવધારા સાથે—પ્રત ૧૦૦૦)

અમદાવાદ—ધી "ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

પાંચકુવા ચાર રસ્તા ઉપર

કિંમત આના ત્રણ.

I have gone through a booklet on "SNAKE BITES AND THEIR CURES" written by Mr. Natwarlal Kaniyalal Vaishnav. I am much pleased with it and is well worth its merits. The writer has tried to describe the different kinds of Snakes and has struck a warning note that all Snakes are not poisonous. The cures mentioned therein are all handy, a combination of Eastern and Western methods, and to be taken advantage of by the poor and the rich alike. Junagadh, 10th August, 1916.

(Sd.) Jhaverilal G. Vasavada,
L. M. & S.
(General Hospital, Junagadh)

It is a useful Composition.

(Sd.) Haridas P. Vaishnav,
M. B. B S.

અર્પણ પત્રિકા.

રા. રા. ડૉક્ટર કેશવલાલ જયશંકર ધોળકિયા,

એલ. એમ. એન્ડ એસ. (રામપૂર યુ. પી.)

સુહૃદય વડિલ બન્ધુ ! મ્હારા પ્રત્યે આપના ઉચ્ચ મનોભાવના બદલામાં મ્હારી આપ પ્રત્યેની ફરજ તરીકે "**સર્પદંશના તાત્કાલિક ઉપચાર**" નામનો આ સર્વોપયોગી લઘુ લેખ આપની સેવામાં અર્પણ કરતાં મ્હને અતી સંતોષ થાય છે.

વિનંતિ.

નટવરલાલ

પ્રસ્તાવના.

(નવી આવૃત્તિની)

હિન્દુસ્તાનમાં ઘણી જાતના સાપ જોવામાં આવે છે. તેમાં ઘણી થોડી જાતના સાપ ઝેરી હોય છે છતાં પણ સર્પદંશથી હિન્દુસ્તાનમાં દર વરસે હજારો મરણ થાય છે. સર્પદંશમાં જો તાત્કાલિક ઉપાય થાય તો જ તે ઘણે ખરે અંશે ફતેહમંદ નીવડે છે. આટલા માટે સર્પદંશના તાત્કાલિક ઉપચારનું જ્ઞાન જેટલું બને તેટલું ફેલાવવાની ખાસ જરૂર છે. ગામડાંઓ—જંગલો કે જ્યાં ડોકટર કે કુશળ વૈદની મદદ મેળવી શકાય નહિં, સર્પદંશનો દરદી મૃત્યુના પંજામાં સપડાતો જાય અને ઉપાય કરતાં આવડે નહિ તેથી તેનું દુઃખ અશ્રુપૂર્ણ આંખોએ ઉભાં ઉભાં ટગર ટગર જોયા કરવું પડે તેવા વિકટ વખતે આવું જ્ઞાન અવસ્ય ઉપયોગી થઇ પડે, તેમજ જ્યાં વૈદ—ડોકટરની સગવડ હોય ત્યાં પણ તેઓ આવી પહોંચતાં સુધીમાં શું તુર્તાતુર્ત ઇલાજ લેવા તે જાણ્યાથી તેમને શ્રમ ઓછો પડે અને દરદીનો બચાવ કરવાનું કામ ખચીત સહેલું થઇ જાય. માત્ર નામના જ અસર કરનારા સર્પ-દંશના સેંકડો ઉપાયોનો સંગ્રહ પ્રસિદ્ધ કરી બહાર લેખને મોટો બતાવવાને બદલે, શહેરમાં વસનાર અને જંગલમાં—ઝુંપડામાં રહેનાર પણ સર્પદંશ વખતે સરલ, સાચા અને ખાત્રી ભરેલા ઉપાય તાબ-ડતોબ કરી શકે એ જ ઉચ્ચ આશય ધ્યાનમાં રાખી આ ન્હાનો લેખ તૈયાર કરવામાં આવ્યો છે. અભ્યાસ દરમિયાન જાણવામાં આવેલા, વિશ્વાસપાત્ર વૈદક ગ્રંથોમાં વાંચવામાં આવેલા અને હાલના

શ્રીયુત્ પઢિયાર જેવા વિદ્વાન વૈદ્યોએ અનુભવમાં મેલ્યા પછી જ લોક હિતાર્થે પ્રસિદ્ધ કરેલા—સિદ્ધ અને અવશ્ય ભરોંસો રાખવા લાયક ઉપાયો જ આ લઘુ લેખમાં દાખલ કરવામાં આવ્યા છે. તે માટે તે તે લેખકોનો અને પ્રકાશકોનો અંતઃકરણથી આ સ્થળે આભાર માનું છું. સર્પદંશના અસરકારક અને તાત્કાલિક ઇલાજથી મનુષ્ય જીંદગી બચવા પામે અને સર્પદંશનું મરણ પ્રમાણ ઘટે એજ શુભ હેતુથી લખી તૈયાર કરેલ આ લઘુ લેખને ધ્યાન પૂર્વક તપાસી જવા મ્હારા સ્નેહી જે જે ડૉક્ટર સાહેબોએ સમ્પૂર્ણ શ્રમ લીધો છે તેમનો તેમજ જે જે રજવાડાઓએ તથા માનવંતા બ્રિટિશ ઓફિસર સાહેબોએ આ સર્વોપયોગી લેખનો જન હિતાર્થે ફેલાવો કરી આભાર કરેલ છે તે સર્વનો હું અંતઃકરણથી આ સ્થળે સંપૂર્ણ આભાર માનું છું.

કોઇ પણ રીતે આ ન્હાનું પુસ્તક આણીના પ્રસંગે ઉપયોગનું પાત્ર થાઓ, એજ અભિલાષા જે શ્રી હરિ સફળ કરો.

ભાદરવા સુદી ૭ સોમવાર
વિ. સંવંત ૧૯૭૨ } **નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ**

"સર્પદંશના તાત્કાલિક ઉપચાર"નો લઘુ લેખ આપના તરફથી મળતાં બહુ ઉપકાર થયો. તેમાં દર્શાવેલી દરેક સૂચના બિલકુલ વિશ્વાસપાત્ર છે. સર્પદંશની હાલત અતી ભયંકર છે, એ પ્રસંગની દરેક વહેતી પળ અત્યંત અમૂલ્ય છે. કિંમતી જીંદગી બચાવવામાં જેટલી ત્વરા અને સ્ફુર્ત્તિથી યોગ્ય કોશીશ થાય તેટલી ઉમેદ વિશેષ રહે છે. વાસ્તેજ તેના સામાન્ય સિદ્ધાંત દરેક જણે જાણવાના છે.
રામપૂર સ્ટેટ, યૂ. પી. તા. ૮ ઓગષ્ટ, ૧૯૧૬

(સહી) કેશવલાલ જયશંકર ધોળકિયા,
એલ, એમ. એન્ડ એસ.,
(આ. સ્ટેટ સર્જન—રામપૂર સ્ટેટ, યૂ. પી.)

"સર્પદંશના તાત્કાલિક ઉપચાર" નો તમારો નિબંધ વાંચ્યો. ઘણોજ પ્રશંસનિય પ્રયત્ન તમે કર્યો છે. નિમચ, તા. ૨૩-૮-૧૯૧૬

(સહી) માણેકલાલ રવિશંકર ધોડા,
એલ. એમ. એન્ડ એસ.,
(ડો. રજપૂતાના—માળવા રેલ્વે.)

એ. ઈ. જા. નં. ૩૫૬

એજ્યુકેશનલ ઈન્સ્પેકટરની ઓફિસ,
ગોંડલ તા. ૧૦ ઓગષ્ટ, સને ૧૯૧૬.

તમારી " સર્પદંશના તાત્કાલિક ઉપચાર " નામની ચોપડી અહિના કેળવણી ખાતામાં **લાયબ્રેરી** તથા **ઇનામ**ના પુસ્તક તરીકે મંજુર થયેલી છે.

(Sd.) C. C. Sutariya, B. A ,
એજ્યુકેશનલ ઈન્સ્પેકટર, ગોંડલ સ્ટેટ.

અનુક્રમણિકા.

I have very recently read your notes in a book form on "Snake Bite and its cure" and was much satisfied with its perusal. It contains many more household remedies mentioned in several old Ayurvedic books.

(Sd.) Harishanker P. Thakar,
L. M. & S.,
(House Surgeon, Junagadh Hospital.)

હે અવિનાશી !
અવનિમાંથી—
અહંકાર, અદેખાઈ, અસંતોષ, અજ્ઞાન
અને
અકાલમૃત્યુ ઓછાં કર.

સ્ત્રીઓ અને બાલકોના હિતેચ્છુઓએ આ પુસ્તકની પાછળનાં પૃષ્ઠ ૨૫ થી ૩૨ અવશ્ય વાંચવાં જોઈએ.

સર્પદંશના તાત્કાલિક ઉપચાર.

સર્પના ભેદ.

દર્વીકર (ફણવાળા) **મંડળી** (ચકરડાંવાળા) અને **રાજિમાન** (શરીરપર લીસરડાવાળા) એ પ્રમાણે ટુંકામાં પૃથ્વીપર ત્રણ જાતના સર્પ હોય છે, તેના પેટા ભેદ અનેક છે, **દર્વીકર** આદિક ત્રણ પ્રકારના સર્પનું ઝેર ક્રમથી વાત, પિત્ત અને કફને કોપવનારૂં છે. આ ત્રણ જાતના સર્પો ક્રમથી તરૂણ અવસ્થામાં, મધ્ય અવસ્થામાં અને વૃદ્ધાવસ્થામાં વર્ષા, શીત અને ગ્રીષ્મ ઋતુના ચાર ચાર મહિનામાં અધિક વિષવાળા થાય છે અને જાત વિનાના સર્પો ઋતુ સંધિ (ગઇ ઋતુના છેલ્લા સાત દિવસ અને આવતી ઋતુના પહેલા સાત દિવસ) માં અધિક વિષવાળા થાય છે.

ચક્ર, હલ, છત્ર તથા અંકુશના ચિન્હને ધારણ કરનારા શીઘ્ર ગતિવાળા અને મોટી ફણવાળા સર્પોને **દર્વીકર** એવું નામ આપેલું છે. ફણ ન ચડાવે અને અનેક જાતનાં કુંડાળાંવાળા હોય તથા ઉંચા નીચા બહુ થાય પણ બહુ ચાલી ન શકે તે **મંડળી** નામના સર્પો, જેનું શરીર ચીકાશવાળું દેખાય તથા જુદા જુદા રંગવાળી ઉંચી નીચી રેખાથી વ્યાપ્ત હોય તે સર્પો **રાજિમાન.** ગોધેર નામનો સર્પ, **દર્વીકર** (ફણવાળા) ના જેવોજ ઝેરી હોય છે. **વ્યંતર** નામના સર્પો સંકર જાતિના હોવાથી વાત, પિત્ત અને કફ એ ત્રણેને સરખી રીતે કોપાવનારા છે.

ઉપર લખેલા સર્પો આહારને માટે, ભયથી, પગ અડવાથી, પોતામાં બહુ ઝેરને લીધે ઉપજેલા ક્રોધથી, માણસને દંશ કરે છે. **વ્યંતર** નામના સર્પો ઘણું કરીને રસ્તામાંજ પડ્યા રહે છે.

જે અવયવમાં સર્પે બટકું ભર્યું હોય અને ત્યાં તેની લાળ માત્ર દેખાતી હોય પણ દાઢનો ડાઘ દેખાતો ન હોય તે દંશ તુંડાહત, લોહી વિનાના એક અથવા બે ડાઘ દેખાતા હોય તે દંશ વ્યાલીઢ, લોહીના ટસીયા ફુટી રહ્યા હોય એવા દાઢના બે ડાઘ દેખાતા હોય તે દંશ વ્યાલુપ્ત, ત્રણ દાઢો માંસસુધી પેસી ગયેલી હોય અને તેમાંથી રૂધિરની અવિચ્છિન ધારા થતી હોય તે દંશ દંષ્ટ્રક તથા ચાર દાઢો ખુંચી ગયેલી હોય અને તેમાંથી લોહી વહેતું હોય તે દંશ દંષ્ટનિપીડિત કહેવાય છે. આમાં પ્રથમના બે દંશ નિર્વિષ જાણવા, એટલે તેથી મનુષ્યને ઝેર ચડતું નથી. ત્રીજો દંશ કષ્ટસાધ્ય અને છેલ્લો દંશ અસાધ્ય છે. સર્પનું ઝેર જ્યાંસુધી રૂધિરને અડ્યું ન હોય ત્યાંસુધી નુકસાનકારક નથી પણ જો રૂધિરને જરા પણ તેનો સ્પર્શ થયો તો તે જળમાં નાખેલ તૈલની પેઠે અભિવૃદ્ધિને પામે છે.

બીકણ માણસને સર્પનો સ્પર્શ થયે તેના શરીરમાં રહેલો પવન કોપી તે સ્થાનમાં સોજો ઉપજાવે છે, જે સર્પાંગાભિહત એવાં નામથી ઓળખાય છે, દુર્ગસ્થાનમાં અથવા અંધારામાં કોઇ પદાર્થથી વીંધાએલાં અંગને જોઇ સર્પ કરડ્યો એવી શંકા ઉત્પન્ન થવાથી વિષના જેવો ઉદ્વેગ, જ્વર, ઉલટી, મૂર્છા, દાહ, ગ્લાનિ, મોહ અને અતિસાર થાય છે, તે સઘળું કૃત્ય શંકાવિષનું સમજવું. જે દંશમાં સોયના ત્રોફવા જેવી પીડા, ખરજ અને સોજો થાય તે દંશ વિષવાળો અને તેમ ન હોય તો તે નિર્વિષ છે એમ જાણવું.

દર્વીકર (ફણવાળા) સર્પના કરડવાથી જ્યારે શરીરમાં વિષનો પ્રથમ વેગ પ્રકટ થાય છે ત્યારે દંશમાંથી કાળું લોહી નીકળે છે, દંશેલા પુરૂષનું શરીર શ્યામ થઇ જાય છે તથા તે ઉપર કીડીઓ ફરતી હોય એવું લાગે છે. બીજા વેગમાં શરીરની અંદર ગાંઠો થાય છે. ત્રીજા વેગમાં માથું ભારે થાય છે, અને દંશ સડયા જેવા થઇ તેમાંથી દુર્ગંધ નીકળે છે. ચોથા વેગમાં કરડેલ માણસ થુંકયા કરે છે તથા ઉલટી કરે છે. પાંચમા વેગમાં શરીરના સાંધા નરમ પડી જઇ તેમાં પીડા :થાય છે તેમજ તંદ્રા તથા દાહ થાય છે અને હેડકી ઉપડે છે, છઠ્ઠા વેગમાં હૃદયની અંદર પીડા થાય છે, શરીર ભારે થઇ જાય છે અને મૂર્છા તથા અતિસાર થાય છે. તથા સાતમા વેગમાં વિષ વીર્ય સાથે મળી ડોકનો કાંઠલો ભાંગી નાંખે છે તેથી પુરૂષ ચેષ્ટાહીન થઇ જાય છે.

મંડલી (ચકરડાંવાળા) સર્પના કરડવાથી પહેલા વેગમાં લોહી પીળું પડી જાય છે તથા અંગમાં બળતરા થાય છે. બીજા વેગમાં સોજો થાય છે. ત્રીજા વેગમાં દંશ સડયા જેવો થાય છે, પસીનો આવે છે અને તૃષા બહુ લાગે છે. ચોથા વેગમાં જ્વર અને દાહ થાય છે, તથા પાંચમા વેગમાં આખા શરીરમાં દાહ થાય છે.

રાજિમાન (શરીરપર લીસરડાવાળા) સર્પે કરડેલા પુરૂષનું લોહી પ્રથમ વેગમાં ધોળું પડી જાય છે અને તેને લીધે આખું શરીર પણ ધોળું થઈ જાય છે, બીજા વેગમાં શરીર ભારે પડી જાય છે. ત્રીજા વેગમાં દંશસ્થાન સડયા જેવું થઇ જાય છે અને નાક, મુખ તથા નેત્રમાંથી પાણી સ્રવવા માંડે છે. ચોથા વેગમાં માથું ભારે શિલા જેવું થઈ જાય છે. અને પાંચમા વેગમાં ડોક પકડાય છે,

બાકીના બે વેગમાં શરીરનું ભાંગવું, ટાઢીયો તાવ ઈત્યાદિ ઉપદ્રવો પ્રથમની માફક થાય છે.

પાણીમાં રહેનારા, તાજા સ્ત્રી સંભોગથી ક્ષીણ થયેલા, ભય પામેલા, નોળીએ જીતેલા, ટાઢ, તડકો, વ્યાધિ, ભૂખ, તૃષા અને શ્રમથી પીડાયેલા, તરત બીજા દેશથી આવેલા, તરત કાંચળી ઉતારેલા, કૃશ, ઔષધિ અને કાંટાવાળાં વનમાં ફરનારા તથા દેવસ્થાનમાં રહેનારા સર્પોને થોડા વિષવાળા સમજવા.

જેને મર્મસ્થાનમાં સર્પ કરડે તે બચતો નથી. સર્પ કરડયા વખતજ મુખ તથા નેત્ર ધોળાં થઈ જાય, માથાના વાળ ખરી જાય, જીભ સજ્જડ થઈ જાય, વારંવાર મૂર્છા આવવા લાગે, શ્વાસોશ્વાસ બંધ પડી જાય, આફરો, ઉલટી, શ્વાસ અને કાસ એકકાલાવચ્છિન્ન ઉપજી આવે, હૃદયમાં શૂળ અને મોઢામાંથી ફીણ નીકળવા માંડે સંજ્ઞા નાશ થવા પામે અને શરીરના સાંધા શિથિલ થઈ જાય તે પુરૂષ પણ જીવતો નથી. તો પણ છેવટ સુધી ઝેર ઉતારવાના ઉપાય તો કરવાજ જોઈએ.

સર્પદંશથી જરા બળતરા થાય છે પણ તેની વેદના વીંછી, કાંડેર, કાનખજુરાના ડંખ જેટલી આકરી નથી. કેટલીક વાર તો નહિ જેવી વેદના થાય છે. વખતે સર્પ કરડયા છતાં પણ નિદ્રામાંથી માણસ જાગતો નથી અને સવારે તેનું શબ માલમ પડે છે.

સર્પના ઝેરથી મૃત્યુ થવાનું કારણ એ છે કે તે ઝેરથી જ્ઞાનતંતુઓ ખોટા પડી જાય છે, અને તેથી શરીરના અવયવો પોતપોતાનાં કામ કરી શકતાં નથી.

સર્પદંશ થયો હોય ત્યારે દરદીને તીખાં (મરી) ચવરાવવામાં આવે છે, અને જો તેથી મોઢામાં તીખાશ લાગે તો સારા થવાની

આશા ઘણા લોકો રાખે છે; પણ મોઢામાં તીખાશ લાગવાથીજ બચાવ ચોક્કસ થવાની ખાત્રી રાખી શકાય નહિ.

સર્પ દંશનાં સામાન્ય ચિન્હો.

૧ ઝમઝમાટ થવા લાગે.

૨ ફેર આવે.

૩ ઉબકા આવે.

૪ હાથ પગ શિથિલ થાય.

૫ શ્વાસ ઘુંટાવા લાગે. પ્રથમ શ્વાસ બંધ થઇ પછી નાડી બંધ પડે છે. એટલે કે (Respiratory System) શ્વાસોશ્વાસની ક્રિયાપર પ્રથમ અસર થાય છે.

૬ નાડી ઉતાવળી ચાલે (૧૪૦ થી ૧૪૮ લગી.)

૭ બોલવું બંધ થાય.

૮ દવા ગળવાની પણ અશક્તિ.

૯ મોઢાંપર ફીણ આવે તથા લાળ ગળવા માંડે.

૧૦ જીભ બહાર નીકળી જાય.

૧૧ શરીર ઠંડું પડે.

૧૨ નખ, જીભ, હોઠ, કાળાં આસમાની થઇ જાય.

૧૩ આંખની પૂતળી (Dilatation of the Pupil) ફેલાઇ નજર માઠી થવા માંડે.

૧૪ ઠંડો પરસેવો આવે.

૧૫ બે ભાન.

૧૬ (છેવટે) મૃત્યુ. (શ્વાસોશ્વાસ બંધ થવા પછી પણ થોડીક મિનિટ નાડી ચાલતી જણાય છે.)

ઝેર રહિત સર્પદંશની અસર-લાંબા વખત પછી.

૧ સોજો રહે.

૨ ચાંદાં-ધારાં પડે.

૩ કોઇ વખતે ઉલટી તથા ઝાડામાં લોહી જાય.

સર્પ દંશના તાત્કાલિક ઉપચાર કરનારમાં જોઇતા ખાસ ગુણો.

૧ હિમ્મત.

૨ ચપળતા.

૩ સાવચેતી.

એ ત્રણ ગુણની ખાસ જરૂર છે.

સર્પ દંશ માટે તરત લેવાના ઉપાયો.

૧ સર્પ દંશ થયેલા માણસને શરૂઆતમાં હિમ્મત આપવી અને ઝેર ઉતરી જશે એવો તેના મનમાં યુક્તિથી વિશ્વાસ બેસારવો.

૨ **સર્પ કરડ્યા પછી**—દોઢ બે મિનિટ જેટલો વખત વિષ સ્થિર રહી પછી શરીરમાં પ્રસરી રૂધિર આદિ ધાતુને બગાડવાનો પ્રારંભ કરે છે માટે જે જગ્યોએ સર્પ દંશ થયો હોય તે જગ્યોથી ૪-૬ તસુ ઉપર તે વખતે જે મળી શકે તે લુગડાનો કટકો કે રેસમનો, સણનો અથવા સુતરનો ટચલી આંગળીથી જરા પાતળો દોરો લઈ લોહી ન ફરી શકે એવા જોરથી તાણીને મજબૂત પાટો બાંધવો. આવી રીતે ચાર ચાર આંગળને છેટે બીજા એક બે પાટા બાંધવા કે જેથી કરી ઝેર ભેળાયેલું લોહી હૃદય તરફ જાય નહિં. આ પાટા અરધો અથવા પોણો કલાક રહે તો હરકત નહિ. પાટો છોડતી વખતે તેના છેડા

હાથમાં રાખી તે ધીમે ધીમે ઢીલો કરતે કરતે છોડવો. સર્પ દંશવાળો દર્દી કહે કે 'પાછો સાપ ચડે છે' તો પાછો પાટો બાંધવો અને પાટો બાંધેલો ભાગ કાળો પડી જાય તો પાટો છોડવો. જો સર્પ દંશ મર્મસ્થાનમાં ન હોય તો ઉપર પ્રમાણે કરવાથી શરીરમાં વિષનો વેગ વૃદ્ધિ પામતો નથી.

૩ **સહેજ ગરમ અથવા ઠંડા પાણીથી**—દંશવાળો ભાગ ખૂબ ધોવો.

૪ **મીઠાનું પાણી**—કરી તે પાણીથી પણ દંશવાળો ભાગ ખૂબ ધોવો.

૫ **દંશવાળો ભાગ**—ખૂબ ચૂસતા જવું અને થુંકતા જવું તેથી વિષનો વેગ ઘટે છે. ઝેર હશે ત્યા સુધી થુંક સાથે લોહી વાદળી રંગનું નીકળશે તથા ઝેરનો ખાસ બદ સ્વાદ પણ આવશે. જે માણસ આવી રીતે ચૂસવાનું કામ કરે તેના મ્હોંમાં કે બહાર હોઠ ઉપર ચાંદાં, ચાંદાં, ફોડલા કે વસારો એવું કંઇ પણ દરદ હોવું ન જોઇએ. તેમજ ત્હેણે થુંક ગળામાં ન ઉતરે એવી કાળજી પોતાને વિષની અસર ન થાય તે માટે અવશ્ય રાખવી જોઇએ. તેમજ ઝેર ચૂસી કાડયા પછી ચૂસનારે ઘણા કોગળા કરી નાંખવા જોઇએ. ઝેર ચૂસનારે "ઘી" યા કોઇ "તૈલી" પદાર્થથી આરંભમાં તેમજ વચમાં વચમાં કોગળા કરતા જવાથી જખમ કે ચાંદામાં "ઝેર શોષણ"ની થોડી બ્હીક રહે છે. સાપના ઝેરમાં એવી ખૂબી છે કે જ્યાં સુધી તે માણસના લોહી સાથે મળી જતું નથી ત્યાં સુધી કોઇ પણ રીતે માણસને ઇજા પમાડતું નથી. જ્યારે ન ચૂસાય એવી જગ્યોએ સર્પ કરડયો

હોય અથવા સર્પ કરડે ઘણીવાર થઇ ગઇ હોય ત્યારે ચૂસવાનો ઉપાય કામ લાગતો નથી.

૬ **દંશવાળા ભાગ ઉપર બળતો અંગારો**—કે ડાંબાડીઆંથી લગભગ ૦। ઈંચ ઉંડો ડાંમ દેવો એટલે તે વિષ બળી જાય છે.

૭ **દંશવાળા ભાગ ઉપર ચાકુ**—કે એવા બીજા કોઇ હથિયારથી ૦। ઈંચ જેટલી ઉંડાઇનો + વધતાના આકારનો કાપ મેલવો કારણ કે તેમ કરવાથી વિષ પણ લોહી સાથે બહાર નીકળી જાય છે. કાપ મેલેલો ભાગ લોહી વહેતું રહે તે માટે નીચે નમતો રાખી તેને સહેજ ગરમ પાણીથી ધોયા કરવો. ડંશવાળો ભાગ ગરમ પાણીમાં બોળી શકાય એવો ન હોય તો તેનાપર સહેજ ગરમ પાણીની ધારા કરવી. ચૂસવાથી કે લોહી વહેવ-રાવવાથી બધું ઝેર નીકળી ગયું તેમ લાગે તો પણ તે કરડ-વાળો ભાગ છેવટે બાળી નાંખવો કે જેથી ફરીને ઝેર ચડ-વાની ધાસ્તી રહે નહિં.

૮ **છાતી-કલેજા**—ઉપર રાઇનાં પ્લાસ્ટર મારવાં. અથવા ટરપેન-ટાઇનમાં બોળેલું કપડું મૂકવું.

૯ બાટલીમાં ગરમ પાણી ભરી મજબૂત બુચ લગાવી તેના શેકથી હાથ પગ ગરમ રાખવાં.

૧૦ **સર્પ કરડેલા માણસને**—લાંબો થઇ સૂવા દેવો નહિં. બેઠોજ રાખવો. તેમજ બેઠે બેઠે પણ નિંદ્રામાં આવવા દેવો નહિ અને તે માટે ખૂબ વાતચિત પરાણે પણ કરાવવી, સંભળાવવી, દરદી વાત કરી ન શકે ત્યારે ઇશારતથી સમજાવવા આગ્રહ કરવો. મતલબ-બને ત્યાં સુધી દરદીને ખબરદાર રાખવો.

ગરમાગરમ જલદ કૉફીના એક બે ઘૂંટ વખતો વખત પીવ-
રાવતા રહેવું.

૧૧ **ઠંડા પાણીની ઝાલક**—મોઢા ઉપર નાંખવી. લિક્વિડ એમોનિયા (**Liquid Ammonia**) અથવા સ્મેલિંગ સૉલ્ટની (**Smelling Salt**) શીશી નાક આગળ ધરી સુંઘાડવી કે જેથી બેશુદ્ધિ ઓછી થાય.

૧૨ **દર્દી બેશુદ્ધ થાય તો**—શ્વાસોશ્વાસ ચલાવવો (શ્વાસોશ્વાસ ચલાવવાની ક્રિયા જેને તે આવડતી હોય ત્હેણેજ કરવી.)

૧૩ **સર્પ દંશ થાય ત્યારથી તે**—ઝેર તદ્દન નીકળી જાય તે પછી ઘણા કલાક સુધી દરદીને કાંઇ ખાવા કે સુવા દેવો નહિ.

સર્પ દંશપર લગાડવાની દેશી દવાઓ.

૧ **લસણની કળીઓને**—ગાયના ઘી સાથે છુંદી તે છુંદો સર્પ દંશવાળા ભાગપર લગાડવો.

૨ **માલ કાંકણાંની જડ**—પાણીમાં ઘસી સર્પ દંશ ઉપર લગાડવી.

૩ **અઘેડાના ફુલની કળીનો રસ**—સર્પ-વીંછી તથા બીજાં ઝેરી જાનવરોના દંશ ઉપર ચોપડવાથી સારો ફાયદો થાય છે.

૪ **મીઠા લીંબડાનાં પાંદડાંને**—વાટી દૂધમાં બાફી સાપ વગેરે ઝેરી જનાવરોના દંશ ઉપર પોટીસ કરી બાંધવાથી ઝેર ઉતરી જાય છે.

સર્પ દંશપર લગાડવાની વિદેશી દવાઓ.

૧ **લોહી ચૂસી કાઢ્યા પછી**—થોડું લીકર એમોનિયા (**Liquor Ammonia**) તે જખમ ઉપર રેડવું.

૨ **સ્ટ્રોન્ગ નાઇટ્રીક એસીડ**—દંશવાળા ભાગપર લગાડવું

લાડર બ્રંટન-પોટાસ પરમેન્ગેનેસની સારવાર—

ચાકુ (Lancet) લેન્સેટથી દંશ ઉપર ૪–૫ છરકાં કરવા અને તેનાપર પોટાસ પરમેન્ગેનેસનાં દાણા એક ચપટી ભરી ઘસવા અને પોટાસ પરમેન્ગેનેસના જલદ (Strong સ્ટ્રોન્ગ) પાણીમાં દંશવાળો ભાગ બોળવો. આ પ્રયોગ તરત કરવામાં આવે તો સર્પ દંશનું મરણ પ્રમાણ ઓછું થવા સંભવ છે. (ચાકુ (Lancet) લેન્સેટ સાથની દવાવાળી ભૂંગળી આઠ આનાની કિંમતે વેચાતી મળી શકે છે.)

સર્પદંશમાં પાવાનાં દેશી ઔષધો.

૧ **૧ ડુંગળીનો કાંદો.**

૨ આદુ.

૩ લસણ.

૪ ફોદીનો.

૫ પાન.

આ સર્વનો રસ (પંચરસ) બનાવી ચમચી ચમચી કલાકે કલાકે પાવામાં આવે તો સર્પદંશ ઉપર બ્રાંડી (દારૂ) જેવી સારી અસર કરે છે તેવીજ તે સારી અસર કરે છે.

૨ **કસ્તુરી**—૦। ગ્રેન (વંઉભાર) ના પ્રમાણમાં થોડે થોડે વખતે શુદ્ધિ આવતાં લગી આપવી.

૩ **ધોળાં મરીનો ભૂકો**—થોડો આપવો.

૪ **અંકોલનાં મૂળીયાંનો રસ**—રેચક છે. તે વાટી પાવાથી તુરતજ ઝેર ઉતરી જાય છે. અંકોલનાં મૂળીયાંની છાલ આઠ નવ વાલ ભૂકો કરીને આપવાથી સખ્ત ઉલટી થાય છે અને તે કારણને લઇને તે સર્પ વગેરેનાં ઝેર ઉતારવામાં વપરાય છે. પણ અંકોલનાં મૂળીયાં તાજાં હોવાં જોઇએ. સાપ પકડનારા વાદી લોકો અંકોલનાં મૂળીયાં પોતાની સાથે રાખે છે અને તેનો ઉપયોગ કરે છે તેથી સાપનું ઝેર ઉતરી જાય છે. અંકોલનાં મૂળીયાંથી હડકાયાં કુતરાંનું, ઉંદરનું, વીંછીનુ વિગેરે ઘણી જાતનું વિષ ઉતરી જતું હોવાનું વૈદકના ગ્રંથોમાં બહુ ભાર મૂકીને કહેલું છે.

૫ **કડવી નઇનો કાંદો**—સાપનું ઝેર ઉતારવામાં તુરતજ ફાયદો કરે છે. એ કંદ બે ત્રણ તોલા જેટલો ગાય કે ભેંસની છાશમાં વાટીને પાઇ દેવાથી સાપ કરડેલા માણસને બે ત્રણ ઉલટી થાય છે ને તેમાં ઝેર નીકળી જાય છે, એ કંદ પાણી સાથે પાવાથી કંઠનું રૂંધન કરે છે અને જીભને સંકોચાવે છે. છાશમાં ઘીનાં રજકણો હોવાથી એ અડચણ થોડી નડે છે, છાશ ન મળે તો ઘીમાં અને તે પણ ન મળે તો પાણીમાં પણ તે પાઇ દેવો. કડવી નઇ ઘણીજ પાચક અને રેચક હોવાથી વિષ અને સોજાવાળા રોગીને પાવા અને ચોપડવાથી રોગને હરે છે. એ કંદ ત્રણે ઋતુમાં મળી શકે છે, કંદના કટકા કરી તેને છાંયામાં સુકવીને તેને સંભાળથી રાખી મેલ્યા હોય અને અને તે ભૂકો કરી સર્પ દંશવાળાને પાયો હોય તો એથી પણ ફાયદો થાય છે. એ કંદને માટીના કુંડામાં રાખી મુક્યો હોય તો બે ત્રણ

મહિના સુધી તે કંદ તાજો ને તાજો રહી શકે છે. એ કંદ વિષ ઉતારે છે એમ નિઘંટોમાં પણ લખાએલું છે.

૬ **વાંઝણીકંકોડીનો કંદ**—આશરે દોઢેક તોલા જેટલો સર્પ દંશ થયેલા માણસને પાણીમાં વાટીને પાવાથી, તે કંદમાં વામક તથા રેચક ગુણ હોવાથી ઝાડા–ઉલટી દ્વારા સર્પના તથા ઝેરી જાનવરના વિષને નાબુદ કરે છે. એ કંદ પાણીમાં વાટીને પાયા પછી તુરતજ પેટમાં ગડગડાટ થવા લાગી એ ત્રણ મિનિટમાં અતિ સખ્ત ઉલટી થવા લાગે છે. વાંઝણી કંકોડાનો કંદ ચોમાસા (અશાડ અને શ્રાવણ મહિના) માં મંગાવી રાખી આસો માસમાં કટકા કરી, છાંયે સૂકવી, સંભાળી રાખવાથી સર્પદંશ વખતે માણસની જીંદગી બચાવવામાં ઉપયોગી થઇ પડે છે. વાંઝણી કંકોડીનો કંદ પાણીમાં ઘસી દંશ ઉપર ચોપડવાથી તથા પાવાથી સાપના ઝેર ઉપર ઉત્તમ અસર કરે છે એમ વૈદકના ઘણા ગ્રંથોમાં લખેલું છે.

૭ **ખાખરાના મૂળ ઉપરની છાલ**—વાટી તેનો તાજો રસ ચાર તોલાથી દસ તોલા સુધી ઝેરના પ્રમાણમાં તથા શરીરના પ્રમાણમાં પાવો. એથી ઉલટી પણ થતી નથી અને તેમ છતાં સાપનું ઝેર ઉતરી જાય છે. ખાખરાનાં મૂળીયાંની છાલમાં ઘણો રસ હોય છે અને એ મૂળીયા પણ બહુ મોટાં ને જાડાં હોય છે, તથા ઘણા ખાખરાઓમાં ઉપરજ મૂળીયાં હોય છે એટલે બહુ ખોદવું પડતું નથી અને ૫–૭ મિનિટમાં ૦। શેર રસ મળી શકે છે.

૮ **અરીઠાનું**—અંદરનું કાળું બી કાઢી લઈ માત્ર તેની છાલ વાટીને ભૂકો કરવો. તેમાંથી અરધો તોલો લઈ ૦। શેર પાણીમાં મેળવી તેનું આછરેલ પાણીજ સર્પ દંશ થયેલા માણસને પાવું, ઝેર ઉતરે ત્યાં સુધી બબે કલાકને અંતરે આ દવા પાયા કરવી. આથી ઉલટી અથવા ઝાડા વાટે ઝેર નીકળી જઈ આરામ થાય છે. અને સારૂં થયા બાદ પણ થોડા દિવસ એક એક માસો આ દવા જો જરૂર હોય તો ચાલુ રાખવી. જે ઘરમાં વારંવાર સર્પ જોવામાં આવતો હોય ને જ્યાં તેનું રહેઠાણ હોય ત્યાં આ દવા પાણીમાં ઘોળીને છાંટવી એટલે સર્પ પોતાનું સ્થાન છોડીને ચાલ્યો જશે.

૯ **ફટકડી**—રેચક, ઉલટી આણનાર અને ઝેરી જંતુઓનો નાશ કરનાર છે. તેનો બારીક ભૂકો કરી તે ૦। રૂપીઆ ભાર લઇ ઠંડા પાણીમાં મેળવી તે પાણી સર્પદંશ થયેલા માણસને પાવું અથવા ફટકડીનો બારીક ભૂકો કરી બેથી ચાર વાલ બબે કલાકને અંતરે ગોળમાં મેળવી દરદીને ખવડાવવી. તેમજ ફટકડીને પાણી સાથે લઢી દંશવાળા ભાગ ઉપર લેપ કરવાથી સાપનું ઝેર ઉતરે છે.

૧૦ **નાળવેલ (અવળ વેલ કડવી) નો કંદ**—ઝેરી જનાવરના દંશપર પાણીમાં ઘસીને ચોપડવો અને દરદીના શકિતના પ્રમાણમાં પાણી સાથે પાવો, એથી મહાભયંકર સાપનું વિષ પણ ઉતરે છે. નાળવેલ (કડવી અવળ વેલ) નો કંદ વામક અને રેચક હોવાથી સ્થાવર અને જંગમ વિષને હરે છે, તેમાં સર્પના

વિષને હરવાનો મુખ્ય ગુણ છે. કહેવાય છે કે નોળિયું સર્પની સાથે લડાઇ કરતાં જ્યારે તેના ઝેરથી પોતે ઘેરાવા લાગે છે ત્યારે દોડીને નોળવેલનું મૂળ સૂંઘે છે જેથી તેનાપરથી ઝેરની અસર દૂર થાય છે. એટલે તે વળી પ્રથમની પેઠે તાજું બની સર્પની સામે લડવાને દોડે છે. અર્થાત્ નોળવેલમાં સર્પ વગેરેના ઝેરની અસર દૂર કરવાનો ખાસ ગુણ રહ્યો છે એમ આ ઉપરથી પણ જણાય છે.

૧૧ **કેળના થાંભલાનો તાજો રસ**—એથી ત્રણ વખત, કલાક કલાકને અંતરે (દર વખતે) ૪ થી ૬ આંઉસ (૧૦ થા ૧૫ રૂપીઆ ભાર) જે મનુષ્યને સાપ કરડ્યો હોય તેને પાવામાં આવે તો તે બચી શકે છે.

૧૨ **ઉંદર કનીનો રસ**—સર્પ વિષપર એકથી બે તોલા પીવરાવવામાં આવે છે.

૧૩ **કરમદાનાં મૂળને**—પાણીમાં ઉકાળી પાવાથી સર્પદંશનું ઝેર ઉતરી જાય છે.

૧૪ **અંઘેડાનાં પાંદડાં તથા બી**—વાટી સર્પદંશ વગેરેના ઝેરને ઉતારવા માટે પીવા અપાય છે.

૧૫ **લીંબડાનાં પાંદડાંને**—વાટી રસ કહાડી સર્પ વગેરે ઝેરી જાનવરના વિષ ઉપર પાવાથી ફાયદો થાય છે.

સર્પદંશમાં પાવાનાં વિદેશી ઔષધો.

૧ **બ્રાંડી (દારૂ)**—અરધી ચમચી અંકક આંઉસ (અઢી રૂપિઆ-ભાર) પાણી સાથે પંદર પંદર મિનિટે તેનું ઝેર ચડે ત્યાં સુધી આપવો. તેમજ દંશપર નાંખવો તેથી ઝેર વધુ ચઢતું અટકશે.

૨ **લીકર એમોનિયા (Liquor Ammonia)** નિચે પ્રમાણે વખત ગુમાવ્યા વગર પાણીમાં ભેળી આપવી.

:		મોટા માણસને	૨૦ ટીપાં	પાણીમાં	
૧૨ થી ૧૫ વરસનાં બચ્ચાંને		૧૦ થી ૧૫	,,	,,	
૮ થી ૧૨	,,	,,	૫ થી ૧૦	,,	,,
૪ થી ૮	,,	,,	૩ થી ૫	,,	,,
૪ વરસ સુધીનાં		,,	૨ થી ૩	,,	,,

જો સાપે કરડેલા માણસનું માથું ઘૂમતું હોય અથવા ભારી લાગતું હોય તો ઉપર જણાવેલી દવા ઉપર જણાવ્યા માફક ઉમ્મરના પ્રમાણમાં દર ૧૨ મિનિટે જ્યાં સુધી માથું નરમ પડે ત્યાં સુધી આપવી. માથું નરમ પડયા પછી પણ જ્યાં સુધી ઝેરની દરેક નિશાની નાબુદ થાય નહિ ત્યાં સુધી આ દવા ૪ કલાકે ચાલુ દેવી. તાત્કાલિક મરણ નિપજાવે એવો ઝેરી સાપ કરડયો હોય તો તે માણસને આ દવાનો ભાગ વધારી વખતે. વખતે આપવી.

થોડી વિશેષ માહિતી.

સર્પ દર ખોદી શકતો નથી પણ કાણાં દેખે તેમાં પેસી જાય છે. દર વગેરેમાંથી સર્પને કાઢવાનો ઉત્તમ ઉપાય એ છે કે દરમાં જાય

એમ થીંથરનો ધૂમાડો કરવો અથવા ગંધકનો કટકો લઇ તે કાણાના મ્હોમાં ધૂમાડો અંદર જાય તેમ બાળવો. કોઠીયારામાં, ઉતરડવાંસે, ચણીયારામાં, પાણીયારે ગોળા વાંસે, ઘંટી નીચે, છાણાના મોઢવા, ખૂણેખાચરે કે કોઇ અવાવર જગ્યોએ જોયા વિના હાથ ઘાલવો નહીં કારણ કે તે જગ્યોએ દર ન હોય તોપણ વખતે સર્પ ભરાઇ બેઠો હોય છે. દરેક સર્પને ૬ દાંત હોય છે તેમાં બે મ્હોટી વધેલી દાઢ હોય છે અને ચાર ન્હાના હોય છે. એ ઝેરી દાઢ ઉપરના પેઢામાં રહે છે. ઝેર એ બે મોટી દાઢોમાંથી કરડમાં જાય છે તેથી તે બે ઝેરી દાઢ કહેવાય છે. ઝેરની થેલી દાઢના મૂળમાં હોય છે, માત્ર કરડતી વખતે તે દાઢ ઉભી થાય છે, તે સિવાય તે તાળવાં ઉપર આડી પડી રહે છે, તે પોલી હોય છે, ઉભી થાય છે ત્યારે ઝેર થેલીમાંથી તેમાં ઉતરે છે, અને તેમાંથી કરડેલા ભાગમાં પેસે છે. આડી પડી હોય ત્યારે ઝેરની થેલીનું મ્હોં બંધ થઇ જાય છે. સર્પની દાઢ પોલી હોય છે અને ઝેર પડવાનું કાણું દાઢની અણીમાં નથી પણ દાઢની વચમાં છે. સર્પનું એક દિવસની ઉમ્મરનું બચ્ચું પણ જો ઝેરી જાતનું હોય તો તે કરડવાથી મૃત્યુ થાય છે. સર્પ દેડકાં, ઉંદર, પક્ષી, ગરોળી, મુરઘાંનાં બચ્ચાં, ઇંડાં, દુધ વગેરેનો આહાર કરે છે.

સર્પના ભયની નિવૃત્તિ માટે નાગપંચમી (શ્રાવણ વદિ પાંચમ)ને દિવસે ઉચ્ચ કોમના હિન્દુઓમાં નાગપંચમીનું વ્રત કરવામાં આવે છે.

"परमात्मा जगतनुं कल्याण करो."

સમાપ્ત.

દરેક સ્ત્રી પુરૂષે વાંચી વિચારી મનન કરવા લાયક પુસ્તકો.

સંસાર સુખમય થવાનો સરલ માર્ગ

અથવા

સ્ત્રી કેળવણીનું સત્ય સ્વરૂપ.

—(દોહરો.)—

નીતિ વાંચન વાંચીને, નિર્મળ જીવન થાય;
મન સુધરે બુદ્ધિ ખીલે, કુટુંબ કલહો જાય.

દરેક કોમની ન્હાની કે મ્હોટી, શ્રીમન્ત કે ગરીબ, સર્વ **કન્યાઓ અને સ્ત્રીઓને આરોગ્ય, નીતિ, જ્ઞાન, ગૃહ તથા સંસાર વ્યવહાર વગેરેને ઉપયોગી ઉમદા શિક્ષણ શી રીતે આપી શકાય તે ટુંકી, સાદી, સરલ પણ અસરકારક ભાષામાં આ પુસ્તકમાં લખવામાં આવ્યું છે.** તેથી જેઓ પોતાની સ્ત્રીઓને, પુત્રીઓને, ભગિનીઓને પવિત્ર, સુશીલ, શ્રેષ્ઠ કર્તવ્ય પરાયણ જોવા ઇચ્છતા હોય, સંસારનું સર્વોત્તમ સુખ—સ્ત્રી જાતિ—ત્હેમનો ઉદય ચહાતા હોય, વિધવાઓની દુઃખદ સ્થિતિ ઓછી કરવા ઇચ્છતા હોય ટુંકામાં સંસાર ઉચ્ચ અને સુખ પૂર્ણ જોવાનો શુભ હેતુ ધરાવતા હોય, સ્ત્રીઓને નીતિનું, ઘરસંસાર ચલાવવાની રીતિનું અને બચ્ચાંઓને કેળવણી આપવાનો સરલ માર્ગ જાણવા ઇચ્છતા હોય તેવા દરેક સજ્જને આ લઘુ પુસ્તક ઘરમાં રાખવાની આવશ્યકતા છે.

કિં૦ આના સાડા ત્રણ. વી. પી. પી. ખર્ચ જુદું.

વિદ્વાન ડૉકટરો—વૈદ્યોએ વખાણેલું અને યુવતી ગણમાં અતીપ્રિય થઇ પડેલું—

સ્ત્રીઓનું ખાનગી વાંચન.

(સગર્ભા સ્ત્રીની સંભાલ વગેરે.)

આ પુસ્તકના **પ્રથમ ભાગમાં** કેટલાંક દરદો સ્ત્રીઓ શરમને તાબે રહીને શરૂઆતથી નહિ જણાવવાથી તેથી થતું નુકશાન અને **રજોદર્શન** (**અટકાવ**) નો ઉપયોગી વિષય લખવામાં આવ્યો છે. **બીજા ભાગમાં સગર્ભા સ્ત્રીની સંભાળ** વિષે અતિ વિસ્તારથી સરલ ભાષામાં લખવામાં આવ્યું છે. **ત્રીજા ભાગમાં—સ્ત્રીઓનાં સાધારણ દરદોના સામાન્ય દેશી ઉપાયો** લખવામાં આવ્યા છે. ટુંકામાં **રજસ્વલા** તથા **ગર્ભાવસ્થા** કે જેમાં **સ્ત્રીઓ** અનેક **વ્યાધિઓથી** પીડિત રહે છે તે અવસ્થાની શરૂઆતમાં દરેક સ્ત્રીએ આ સમજી શકાય તેવું લઘુ પુસ્તક વાંચવાથી ઘણો ફાયદો મેળવી શકાય તેમ છે. તથા **ગર્ભમાં જે બાળક હોય છે તેના ઉપર સુસંસ્કારની છાપ ગર્ભકાળે પાડવાની કેટલી બધી** જરૂર છે અને તેવા ખાસ પ્રસંગે લીધેલી સાવચેતી તથા સારા ઉપાયોની **અસરથી બાળકની ભાવી જિન્દગી** કેટલી બધી સુધરી જાય છે તે બાબત પણ સમજાય તેમ ખાસ લખવામાં આવી છે મતલબ આ નાનાં પુસ્તકની અંદર **રજોદર્શનવાળી** તેમજ **ગર્ભવંતી** સ્ત્રીની શી શી સંભાળની જરૂર છે, તથા તે અવસ્થામાં કેવી રીતે વર્તવું જોઇએ અને થતાં સાધારણ દરદોના ઉપચાર શી રીતે કરવા જોઇએ તે બાબત અતી ઉચ્ચગણાતા **વૈદ્યક ગ્રંથોને** આધારે જણાવવામાં આવી છે. (ત્રણે ભાગ સાથે.) કિં **આના સાડા ત્રણ**. વી.પી.પી. ખર્ચ જુદું.

શ્રીમન્ત વડોદરા સરકારે શાળાઓમાં ઇનામ તથા
લાયબ્રેરી માટે મંજુર કરેલું.

માતાની ફરજ અને બાળકોપયોગી ઔષધ.

(ત્રીજી આવૃત્તિ.)

આ પુસ્તકથી–**માતાની જિન્દગી શરૂ કરતી અને કરવાની સ્રીઓને પોતાનાં બાળકોને ઉછેરવાનું** સમ્પૂર્ણ જ્ઞાન મળે તેમ છે. મતલબ **માતા થયેલી** અને **થવાની સ્રીઓને** આ પુસ્તક પોતાનાં **બાળકોનાં હિત ખાતર** અવશ્ય વાંચવા જેવું છે. (ત્રણે ભાગ સાથે) કિંમત આના દશ. વી. પી. પી. ખર્ચ જુદું. (**સુધારા વધારા વાળી ત્રીજી આવૃત્તિ ડિસેમ્બર માસમાં છપાઇ બહાર પડશે.)**
આ પુસ્તકની ઉપયોગીતા નીચેના અભિપ્રાયોથી જણાશે.

આપનું “ **માતાફરજ** ” યાને “ **બાળકોપયોગી ઔષધ** ” નામનું લઘુ પુસ્તક મેં બરાબર વાંચી જોયું, તેમાં આપેલી વ્યાવહારિક સૂચનાઓ પોતાનાં બાળકનાં હિત ખાતર ખચિત દરેક માતાએ લક્ષમાં રાખવા યોગ્ય છે.

ઔષધી પ્રકરણમાં બતાવેલી બધી દવાઓ વનસ્પતિ વર્ગની છે; સાધારણ વસ્તીનાં ગામડામાં પણ ઘણીખરી મળી શકે એવી છે; અને તેમાંની કેટલીક મેં જાતે અજમાવી જોએલ હોવાથી હું ખાત્રી આપી શકું છું કે વૈદ્યકજ્ઞાનથી અજ્ઞાત માતા કુમળી વયનાં બાળકને પણ યોગ્ય પ્રમાણમાં આપે તો કોઇ રીતે નુકશાન કર્તા નથી.

આ પુસ્તક યોગ્ય સલાહકારની ગેરહાજરીમાં માતાને ખાસ

સહાયરૂપ નિવડે એવા ઉદ્દેશથી લખાયલું છે તે ઉદ્દેશ ફળીભૂત થાય એમ ચાહું છું.

(Sd.) **KESHAVLAL J. DHOLAKIA,** L. M. & S.
Staff Surgeon to H. H. the Nawab of Rampur (U. P.)

આપના તરફથી "**માતાફરજ**" યાને "**બાળકોપયોગી ઔષધ**" એ નામનું પુસ્તક બહાર પડેલું છે તે મને મળ્યું.

આ પુસ્તક સ્ત્રીઓને માટે એક આશિર્વાદરૂપ છે, ઔષધો સહેલાઇથી મેળવી તૈયાર થઇ શકે તેવાં છે, ગુજરાતી ભાષામાં આવાં પુસ્તકોની ખાસ જરૂર હતી, ને તે પુરૂષાર્થ ખાતે તમોને ધન્યવાદ ઘટે છે. દરેક કુટુંબમાં આ પુસ્તક રાખવા લાયક છે. ભાષા સહેલી અને સરલ છે. જેથી તેનો ઉપયોગ દરેક માતા પોતાનાં બાળકને માટે લઇ શકે તેમ છે. જો આ પુસ્તક કન્યાશાળામાં દાખલ થાય તો ભવિષ્યમાં થનારી માતાઓને બહુ ઉપયોગી થઇ પડશે એવી આશા છે.

(Sd.) **MADHAVLAL D. BHATT,**
lst Class Hospital Assistant,
In-charge Dispensary, Bagsara.

આપના "**માતાફરજ**" અને "**બાળકોપયોગી ઔષધ**" એ નામના પુસ્તકનું મેન્યુસ્ક્રીપ્ટ હું વાંચી ગયો છું. માતાની જીંદગી શરૂ કરતી સ્ત્રીઓને માટે આપનું પુસ્તક અત્યંત ઉપયોગી થઇ

પડે એવી મારી માન્યતા છે. વળી અંદર દર્શાવેલી વનસ્પતિઓ એવી છે કે તે આપણા દેશમાં ગાંધીની દુકાનો તથા જંગલોમાંથી મળી શકે. ઔષધની સાથે લેવાના અનુપાન વિગેરેની માહિતી પણ આપેલી છે. આ બધા તરફ લક્ષ આપતાં પુસ્તક સ્ત્રી તેમજ પુરૂષો બન્નેએ સરખી રીતે વાંચવા લાયક છે. આપનો યત્ન સ્તુતિપાત્ર છે જે સફળ થાય એવું હું ઇચ્છું છું.

(સહી) **પોપટ પ્રભુરામ**, એલ. એમ. એન્ડ. એસ., જે. પી.,
સુપ્રિન્ટેન્ડેન્ટ આર્યન મેડીકલ સ્કુલ, મુંબઇ.

આપનું "**માતાફરજ**" યાને **બાળકોપયોગી ઔષધ**" એ નામનું પુસ્તક મેં પૂરેપૂરૂં વાંચી જોયું છે, અને તેની અંદરની બતાવેલી દવાઓ સોજી અને સ્ત્રીઓથી પણ ઘરમેળે વાપરી શકાય, તેવી છે. હું આશા રાખું છું કે તમારો આ પ્રયાસ ફળીભૂત થશે.

(Sd.) VIRJI JHINA RAVAL, L. M. & S.,
હાઉસ સર્જન જ્યુબિલી હોસ્પીટલ, જામનગર.

આપનો "**માતાફરજ**" યાને "**બાળકોપયોગી ઔષધ**" એ નામનો લઘુલેખ મને વાંચવા મોકલ્યો તે માટે આપનો આભાર માનું છું.

ઉપરના લેખમાં પહેલો ભાગ વાંચતાં તેમાં આપે લીધેલા મહાન વૈદ્યક આચાર્ય સુશ્રુતાચાર્યના મતો ઘણા ઉત્તમ છે, અને જરૂર ગ્રહણ કરવા લાયક છે. બીજો ભાગ ચિકિત્સાસ્થાનનો છે તેમાં દેશી ઔષધીઓ ઘણીખરી કાષ્ટની મહાન શ્રમે યોગ્ય સ્થળે મુકેલી

જણાય છે. તમારા શ્રમનો લોકો ઉપયોગ લઇ તમને કૃતાર્થ કરે તેમ ઇચ્છું છું.

(Sd.) **LAXMISHNKER L. VYAS**, L. M. &. S.
મેડીકલ ઓફીસર માણાવદર સ્ટેટ.

આપે આપનું **"માતાફરજ"** યાને **"બાળકોપયોગી ઔષધ"** નામનું પુસ્તક મને વાંચવા મોકલેલ, તે મેં આનંદથી પૂરેપૂરૂં વાંચેલ છે.

પહેલા ભાગમાં આપે જાણવા જેવી, ઘણી સાદી, તથા સરલ સૂચનાઓ આપેલ છે. તે સૂચનાઓ પ્રમાણે વર્તવાથી બચ્ચાંઓની તન્દુરસ્તી સારી રહી શકે.

તેમજ બીજા તથા ત્રીજા ભાગમાં પણ તમોએ કેટલીક જાણવા જેવી હકીકત લખેલ છે.

(Sd.) **RATILAL R. BAXI,**
L. R. C. P., L. R. C. S. (Edin.)
L. F. P. &. S. (Glasgow)

આપનું " **માતાફરજ** " યાને " **બાળકોપયોગી ઔષધ.** " નામનું લઘુ પુસ્તક મેં લક્ષપૂર્વક વાંચી જોયું છે.

પહેલો અને બીજો ભાગ સારી રીતે તમોએ મહેનત લઇ લખેલ છે. જે ઠેકાણે ડાકટરો અને વૈદ્યોની સહાયતા ન મળી શકે તેવે સ્થળે " ગુજરાત અને કાઠીઆવાડમાં " દરેક ઘેર રાખવા લાયક આ લઘુ પુસ્તક છે એવી મ્હારી માન્યતા છે. કારણ કે અંદર દર્શાવેલ દેશી દવાઓ ઘણેખરે ઠેકાણેથી મળી શકે તેવી છે

અને તેથી દરેક માતાને પોતાના બચ્ચાંની તાત્કાલિક સારવાર માટે આ પુસ્તક ખરેખર ઉપયોગી થઇ પડે તેવું છે. બીજી આવૃત્તિમાં યોગ્ય સુધારો વધારો તમો કરશો એવી ખાત્રી રાખું છું. તે સાથે આ લઘુ પુસ્તક માટેનો તમારો પ્રયાસ દરેક રીતે ફળીભૂત થાય અને અજ્ઞાત માતાઓનાં પીડાતાં બચ્ચાંઓને આશીર્વાદરૂપ થાય તેવી આશા રાખું છું.

(Sd.) D. B. VASAVADA,
Medical Officer,
In-charge Bantva, Dispensary.

આપે મોકલેલું **"मातफरज"** યાને **"बालकोपयोगी औषध"** નામનું પુસ્તક મેં અથથી ઇતિ સુધી વાંચ્યું છે; જેથી મારી માન્યતા થઇ છે કેઃ—

આ પુસ્તક જો કે બે વિભાગમાં વહેંચાયેલું છે પરંતુ તેનો " **विशेष माहिती** " વાળો ભાગ ત્રીજા વિભાગની ગરજ સારે છે.

પહેલો ભાગ બાળકોની સંભાળ કેવી રીતે લેવી તેની **સમજણ** પૂરી પાડે છે કે જે ભાગને દેશી તથા વિદેશીય વિદ્વાનોના **અભિ**-પ્રાયો ટાંકી સપ્રમાણ બનાવવામાં આવ્યો છે. બીજો ભાગ રોગ-પરત્વે કઇ દવા આપવી તે શીખવે છે કે જે ઔષધો કેવળ વાન-સ્પત્ય હોઇ નાનાં ગામડામાં પણ મેળવવાં સહેલ પડે તેવાં છે; **અને** છેલ્લે " **विशेष.माहिती** " વાળો વિભાગ કે જે પરિભાષારૂપ છે તે દવાઓની કૃતિ તથા માત્રાનું પ્રમાણ બતાવતો હોવાથી થોડાં જ્ઞાનવાળાં મનુષ્યોએ પણ તે તે ઉપચારો બીન હરકતે વાપરી શકાય તેવી સરલતા કરી આપતાં ગ્રંથને સંપૂર્ણતામાં મૂકે છે.

આ લેખ સંક્ષિપ્ત હોવા છતાં તદ્દવિષયક બીજા વિસ્તારવાળા લેખો કરતાં ગુજરાતી ભાષા જાણનાર માતાઓમાં તેઓના બાળકોની કેમ સંભાળ લેવી તેવી તેને કેળવણી આપવામાં આગળ પડતો ભાગ બજાવશે.

આ લઘુગ્રંથ સારી કેળવણી પામેલી તેમજ થોડું ભણેલી, માતા, થનારી તથા થયેલી ગુજરાતી ભાષા જાણનાર ગૃહિણીઓની માનનિય હસ્તપોથી (હેન્ડબુક)નું સ્થાન લેશે એવો મને સંપૂર્ણ ભરોંસો છે.

આપે આરંભેલો આ પ્રયાસ આપના દેશી તથા વિદેશીય તદ્દ-વિષયક ગ્રંથોના તલસ્પર્શીય અભ્યાસને લઈ વિજયવંત નીવડયો છે.

(સહી) **વૈદ્ય મૂળશંકર વિ. આદિત્યરામ,**

ખુ. ના. માણાવદર દરબાર સાહેબના વૈદ્ય.

આપના તરફથી મળેલું "માતાફરજ" યાને "બાળકોપયોગી ઔષધ" નામનું પુસ્તક મેં સંપૂર્ણ વાંચ્યું છે. તે વાંચી જોતાં મને જણાયું છે કે માતા ઉપર રહેતી દરેક જવાબદારી તેમાં લખવામાં આવેલ છે. તેમજ યોગ્ય સલાહકારની ગેરહાજરીમાં બની શકે તેવા સાદા, સરળ અને નિર્ભય ઉપાયો બાળકોના દરદો માટે જે બતાવવામાં આવ્યા છે તે બરાબર છે. આ પુસ્તક માતા થયેલી તેમજ થવાની સ્ત્રીઓને ઘણું ઉપયોગી છે.

(સહી) **માણેકલાલ રવિશંકર ઘોડા,** એલ. એમ. એન્ડ એસ.

પુસ્તકો મલવાનું ઠેકાણું:– (કર્તા.)

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

જુનાગઢ.

The Grand Priory of
The Order of the hospital of St. John of Jerusalem in England.
Ambulance Department.
The St. John Ambulance Association,
Indian Branch.

President.

His Excellency The Right Honourable The Lord Hardinge of Penshurst, G. M. S. I., G. M. I. E.,

Viceroy and Governor-General of India.

Chairman:

His Excellency General Sir Beauchamp Duff, G. C. B., K. C. S. I., K. C. V. O., C. I. E.,

Commander-in-Chief in India.

General Secretary.	Chairman, Executive Committee.
Major R. J. Blackham, C. I. E., V. H. S.	The Hon'ble Surgn:-General Sir Pardey Lukis, K. C. S. I., K. H. S.

Treasurer:

The Hon'ble Sir Arthur ker kt., C. I. E., M. V. O.

This is to certify that NATWARLAL K. Vaishn
has attended an Examination at the Junaga
State Centre of the St. John Ambulance Assoc
tion, and has been found qualified to rend
"First Aid to the Injured."

(Sd.) H. M. BHATT., (Sd.) HUGH RENDALI
Local Hon. Secretary. President of Cent

(Sd.) NARSHEE T. MEHTA, L. M. &
Chief Medical Officer, Junagadh-Surgeon Examin

No. 567/N.

Indian Headquarters, St. John Ambulance Association, Simla, 1st August, 1915.

No. 36 of 1916. MUNICIPAL OFFICE,
Junagadh, 20th June, 1916.

This is to certify that Mr. Natwarlal Kaniyalal Vaishnav has attended all the Lectures in the "HOME HYGIENE CLASS," conducted by me in last February and March 1916, and that he has shown great enthusiasm to understand the principles.

(Sd.) Shivshnaker V. Dave,
S. A. S., M. R. San. I.,
Municipal Secretary &
Health Officer, Junagadh